केस रजू ता. :- ०३/०६/२०२४
દાખલ કર્યા તા.:- ૦૩/૦૬/૨૦૨૪
હુકમ કર્યા તા.: -
સમયગાળો :- વર્ષ-માસ-દિવસ

સત્યમેવ જયતે

---

**મે.બીજા.એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ.પેટલાદ**

---

**ક્રિ.કે.નં.૧૨૭૯/૨૦૨૪**
**આંક :**

ફરીયાદી :- શ્રી સરકાર

**વિરૂધ્ધ**

તહોમતદાર :- (૧) હિતેશકુમાર કાંતિભાઈ ઠાકોર,
રહે.ભાદરણીયા સીમ વિસ્તાર, તા.બોરસદ, જી.આણંદ.
(૨) પિયુષભાઈ મહેન્દ્રભાઈ ઠાકોર,
રહે.ભાદરણીયા ડેરી પાછળ, તા.બોરસદ, જી.આણંદ.

**ગુનો:- પ્રોહી. એકટની કલમ- ૬૫(એ)(એ), ૧૧૬(ખ), ૮૧ મુજબ.**

---

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એમ.એમ.ભુરીયા
આરોપીઓ પક્ષ તર્ફે વિ.વ.શ્રી. આઈ.એ.સૈયદ

---

:: ઠરાવ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નાઓએ તા.૨૯/૦૪/૨૦૨૩ ના કલાક- ૩:૪૫ વાગ્યાના સુમારે મોજ.પેટલાદ સાંઈનાથ ચોકડી ટ્રાફીક ચોકીની સામે રોડ ઉપર વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારૂ **McDowell's No-1 DELUXE COLLECTION WHISKY ORIGINAL FOR SALE IN RAJASTHAN ONLY** કાચની કંપની શિલબંધ કવોટર ૧૮૦ મી.લી.નું કવોટર નંગ-૧ કિંમત રૂપીયા ૧૫૦/- તથા હિરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ રજી.નં.**GJ-23-DE-3612** કિંમત રૂપિયા આશરે ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૧૫૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ

પ્રોહી.એકટની કલમ-**૬૫(એ)(એ), ૧૧૬(ખ), ૮૧** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરતા હાલનો ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થયેથી આરોપીઓને અત્રેની અદાલતમાં હાજર રહેવા પ્રોસેસ ઈશ્યુ કરતા આરોપીઓ હાજર થતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામા આવેલ છે. આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવ્યા બાદ તે અન્વયે નિવેદન નોંધતા, આરોપીઓએ તેમની સામેનાં હાલના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| | |
|---|---|
| આંક-૦૭ | ત.ક.અમલદાર યાગેશકુમાર ચતુરભાઈ ની જુબાની. |
| આંક-૧૦ | પંચ સાહેદ નટુભાઈ પુનમભાઈ તળપદા ની જુબાની. |
| આંક-૧૧ | ફરીયાદી જીગરભાઈ અરૂણભાઈ શુકલ ની જુબાની. |
| આંક-૧૩ | સાહેદ હારૂનમીંયા અનવરમીંયા શેખ ની જુબાની. |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| | |
|---|---|
| આંક-૦૮ | પંચનામું |
| આંક-૦૯ | રવાનગીપત્રક |
| આંક-૧૨ | ફરીયાદ. |

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદ પક્ષ તર્ફે વધુ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને રજુ કરવા માટે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આ કામે વિ.એ.પી.પી.શ્રીની વિગતવાર દલીલો સાંભળી તેઓએ રજુઆત કરેલ છે કે, રજુ પુરાવાના આધારે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે જેથી આરોપીઓને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવી જોઈએ. આરોપીઓના વિ.વકીલશ્રીની મુખ્ય રજુઆત એવી છે કે, રજુ થયેલ પુરાવાને ધ્યાને લઈ આરોપીઓને ગુનાની સાથે જોડી શકાય નહી જેથી આરોપીઓને આ કામમાંથી નિર્દોષ મુકત કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :- શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના આરોપી નાઓએ તારીખ.૨૯/૦૪/૨૦૨૩ ના કલાક-૩:૪૫ વાગ્યાના સુમારે મોજે.પેટલાદ સાંઈનાથ ચોકડી ટ્રાફીક ચોકીની સામે રોડ ઉપર વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારૂ **McDowell's No-1**

**DELUXE COLLECTION WHISKY ORIGINAL FOR SALE IN RAJASTHAN ONLY** કાચની કંપની શિલબંધ કવોટર ૧૮૦ મી.લી.નું કવોટર નંગ–૧ કિંમત રૂપીયા ૧૫૦/– તથા હિરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલરજી.નં.**GJ-23-DE-3612** કિંમત રૂપિયા આશરે ૩૫,૦૦૦/ મળી કુલ રૂપિયા ૩૫,૧૫૦/ ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ પ્રોહી.એકટની કલમ–**૬૫(એ)(એ), ૧૧૬(ખ), ૮૧** મુજબનો શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૨ :– શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ પુરાવામાં રજુ થયેલ છે અને તેના પંચસાહેદને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા તેઓએ પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓની જુબાનીથી ફરીયાદપક્ષ તરફે રજુ મુદ્દામાલ રીકવરી પંચનામુ પુરવાર થતુ નથી.

(૮) ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ સિવાય અન્ય જે સાહેદ તપાસવામાં આવેલ છે તે સાહેદ પોલીસ કર્મચારી છે. તેઓએ પંચોની હાજરીમાં રેડ કરી મુદ્દામાલ દારૂ કબજે કરેલાની હકીકત જણાવેલ છે, પણ આ કામે પંચનામાનાં જે સ્વતંત્ર પંચ સાહેદને તપાસવામાં આવેલા છે તેઓએ પંચનામાની હકીકતને કે બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. પંચસાહેદની જુબાનીથી પંચનામાની કાર્યવાહી તથા ઝડતી અને જપ્તીની કાર્યવાહી પુરવાર થતી નથી. ચાર્જશીટ તથા રેકર્ડ પરના પુરાવા મુજબ બનાવવાળું સ્થળ ધ્યાને લેવામાં આવે તો તે સ્થળે સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હતા તેમ છતાં ત.ક.અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો તપાસના કામે મેળવવા પ્રયત્ન કરેલ નથી. હાથ ઉપરના કેસમાં પંચસાહેદે રેડની કાર્યવાહી અને મુદ્દામાલ કબજે કર્યાની હકીકતને સમર્થન કરેલ નથી અને સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અમલદારે સ્વતંત્ર સાહેદોનો પુરાવો મેળવવા પ્રયત્ન કરેલ નથી ત્યારે આ સંજોગોમાં માત્ર રજુ પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીઓને ગુનાની હકીકત સાથે સાંકળવા વ્યાજબી અને ન્યાયિક જણાતુ નથી.

આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઈ એસ પટેલ જીએચજે ૨૦૧૧ ભાગ ૨૬ પાનાં નં ૧</u>**નો ચુકાદો ધ્યાને લેવામા આવે તો, તેમાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન– જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે આરોપીઓને નીર્દોષ ઠરાવીને છોડી મુકતા ચુકાદાને યથાર્થ ઠરાવેલ છે. હાથ પરના કેસમાં પણ પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. ફરીયાદ પક્ષ કથીત મુદ્દામાલ આરોપીઓનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ, તે હકીકત નિ:શં કપણે પુરવાર કરી શકેલ નથી. આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનુ જણાય છે જેથી તેનો લાભ આરોપીઓને આપવા પાત્ર થાય છે.

આ તબકકે **<u>નામ. ગુજરાત હાઈકોર્ટના ૧૯૯૨(૨) જી.એલ.એ.યુ.જે.૧૧, ગુલાબભાઈ રણછોડભાઈ અને બીજાઓ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત</u>** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાનમાં લેવો જરૂરી જણાય છે. સદર ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, બોમ્બે પ્રોહીબીશન એકટ,૧૯૪૯ ની કલમ–૧૧૬–બી અન્વયે અનુમાન કરતા પહેલા મુદ્દામાલની બોટલ સીલપેક હતી તથા તેના ઉપરનું લેબલ ઓરીજનલ હતું તે પુરવાર થવું જોઈએ અને તેના માટે સદરહું લેબલ ઉપર જણાવેલ ઉત્પાદકને તપાસવા જરૂરી છે અન્યથા કલમ–૧૧૬ બી અન્વયેનું આરોપીઓનું વિરૂઘ્ધનું અનુમાન કરી શકાય નહી. તેમજ કબજે લેવામાં આવેલ બોટલમાં આલ્કોહોલયુકત કેફી પ્રવાહી હોવા અંગેનો પુરાવો રેકર્ડ ઉપર હોવો જોઈએ. હાથ ઉપરના કેસમાં રજુ થયેલ પુરાવો ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષ તર્ફે મુદ્દામાલ દારૂની કંપનીના કોઈ જવાબદાર અધિકારીને તપાસવામાં આવેલ નથી તેમજ ત.ક.અમલદારે પણ તપાસ દરમ્યાન મુદ્દામાલ દારૂના શીલ અને માર્કા બાબતે કોઈ તપાસ કરેલ તેવો કોઈ પુરાવો આપેલ નથી તેમજ કહેવાતી કબજે લેવામાં આવેલ બોટલમાં આલ્કોહોલયુકત કેફી પ્રવાહી હતું તે દર્શાવતો કોઈ લેબોરેટરી રીપોર્ટ પણ રજુ થયેલ નથી. આ સંજોગોમાં કબજે લેવામાં આવેલ બોટલોમાં પ્રોહીબીટેડ આલ્કોહોલયુકત પ્રવાહી છે તે હકીકત પુરવાર થતી નથી અને તે બાબતનું અનુમાન પણ કરી શકાય તેમ નથી.

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ દીલ્હી એડમીનીસ્ટ્રેશન**ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિઘ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial

only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

હાલનાં કેસમાં મુખ્ય મહત્વનાં પંચસાહેદે ફરીયાદપક્ષનાં કેસને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ ક્રિમીનલ જ્યુરીશ્પ્રુડંશ મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

(૯) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીઓને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચ્ચિત જણાતું હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપીઓને ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–**૬૫(એ)(એ), ૧૧૬(ખ), ૮૧** મુજબનાં ગુનામાંથી ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો તથા ગેલન કે શીશી જો હોય તો તેનો પણ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને અન્ય કોઈ મુદ્દામાલ અન્વયે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને અન્ય કોઈ મુદ્દામાલનો જો કોઈ વચગાળાનો હુકમ થયેલ ના હોય તો તે મુદ્દામાલ અન્વયે અલગથી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીઓ તરફે અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આ હુકમથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.પેટલાદ
તા.૧૩/૦૩/૨૦૨૬
સ્ટેનો–વી.બી.રાઠોડ.

(એ.જે.વાસુ)
બીજા.એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,પેટલાદ.
(કોડ નંબર – GJ01397)